અપીલ અરજી નં.૩૧૫ તા .૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૦–૮–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) સૈયદપુરા માર્કેટની મટન માર્કેટની દિવાલને અહીંના ધંધાર્થીઓએ ગોડાઉન બનાવી દીધેલ હોય અને લારી–ગલ્લા ગોઠવી ધંધો કરતાં હોય જેને દુર કરવા અંગેની માહિતીની નકલ વિ. મુદૃા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૫/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૦–૮–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) સૈયદપુરા માર્કેટની મટન માર્કેટની દિવાલને અહીંના ધંધાર્થીઓએ ગોડાઉન બનાવી દીધેલ હોય અને લારી–ગલ્લા ગોઠવી ધંધો કરતાં હોય જેને દુર કરવા અંગેની માહિતીની નકલ વિ. મુદૃા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આઉટ નં./૧૦૫૬ તા. ૧૫–૯–૧૧થી અધુરી અને ફકત મુદૃા નં.૫ ની જ માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદૃા નં. ૧થી ૨ અંગે ખાતાકીય પગલાં લેવાયા હોય તો દફતરી વિગતો જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૫ તા.૧૨–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૪૬૯ તા.૧૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારનો તા.૨–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૧૦૫૬ તા.૧૫–૯–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન ધ્વારા દબાણ દુર કર્યા અંગેના રજીસ્ટર પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૦–૮–૧૧ ની અરજીથી સૈયદપુરા માર્કેટના દબાણ બાબતે મુદૃા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૫૬ તા.૧૫–૯–૧૧ સમય અવધિમાં અરજદારને મુદૃા નં.૧ થી ૫ ની દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદૃા નં.(૧) સૈયદપુરા માર્કેટની મટન માર્કેટની દિવાલને અહીંના ધંધાર્થીઓએ ગોડાઉન બનાવી દીધેલ હોય અને લારી–ગલ્લા ગોઠવી ધંધો કરતાં હોય જેને દુર કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદૃા નં.(૨) અહીંના રહેવાસીઓ અને રાહદારીઓને જવા આવવાના ૩૦ નો રસ્તો ૧૫ ફુટનો અહીંના દુકાનદારો અને ધંધાર્થીઓને બનાવી દીધેલ હોય જેને ૩૦ ફુટનો છે તે જ મુજબનો કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદૃા નં.(૩) સૈયદપુરા માર્કેટ ચમેલી મસ્જીદ પાસે હાથલારી ગલ્લાવાળાઓએ નાનો બનાવી દીધેલ છે અને અહીંના હાથલારી ગલ્લાવાળાઓ પાસેથી અહીંના ટપોરીઓ મસ્જીદના નામે ગેરકાયદેસર ઉભા રહેવાનું ભાડું વસુલ છે જેની મંજુરી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદૃા નં.(૪) સેન્ટ્રલઝોનના અધિકારીઓએ સવારે સૈયદપુરા માર્કેટનો રાઉન્ડ મારવો જોઈએ જેનાથી અહીંની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે જેની અહીંની મુલાકાત અંગેની માહિતીની નકલ, રેકર્ડ આધારીત માહિતી નહીં પરંતુ તપાસ રૂબરૂ આધારીત માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી. વધુમાં જાહેર માહિતી અધિનિયમ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે. મુદૃા નં.(૫) અમો અરજદારો આ બાબતની અરજી પ્રતિશ્રી કમિ. સાહેબને સંબોધીને તા.૨–૭–૧૧ ના રોજ આપેલ જેની કાર્યવાહી અંગેની માહિતીની નકલ.

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૫–૯–૧૧ ના રોજ સૈયદપુરા મટન માર્કેટની આજુબાજુનું લારી –ગલ્લાનું દબાણ સેન્ટ્રલઝોન દબાણ ખાતા ધ્વારા દુર કરવામાં આવેલ છે જેની નોંધ રજીસ્ટરના પાના–૧ ની ઝેરોક્ષ નકલના રૂા.૨/– ભરપાઈ કર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૩૪૧૩૨ તા.૧૯–૯–૧૧ ના રોજ ભરપાઈ કરી માહિતી મેળવેલ છે તેની વિગતો અપીલ તબકકે અરજદારે રજૂ કરેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી રેકર્ડ આધારીત આપી છટકબારી કરી છે અને નિર્દિષ્ટ સમયગાળામાં ફકત મુદ્દા નં.૫ ની માહિતી આપેલ છે અને માહિતી અધૂરી હોવાની રજૂઆત કરી તા.૩–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે તા.૨૧–૯–૧૧ ના રોજ ફકત બે લારી બે કાઉન્ટર એક લારી ફ્રેમ અને એક પીજરું જમા લીધેલ હોવાનું જણાવેલ છે. અને મુદ્દા નં.૧ થી ૪ ની નીલ ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપી છટકબારી કરેલ છે જેનાથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારનો મુળ પ્રશ્ન દબાણો બાબતેની કાર્યવાહીને લગતો છે. અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૪ અંગે પ્રથમ ભાગમાં સૂચન કરેલ છે. જયારે બીજા ભાગમાં અધિકારીઓની સ્થળ તપાસની માહિતી માંગેલ છે. અરજદારની તા.૨–૭–૧૧ ની રજૂઆત બાદ આવી સ્થળ તપાસ થયેલ હોય તો તેની દફતરી વિગત આપવી રહે. તા.૫–૯–૧૧ ની કાર્યવાહી જોતાં સ્થળ તપાસ થયેલ હોવાનું માનવાને કારણ છે.

મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પરંતુ રસ્તો દફતરી વિગતે ૩૦ ફુટ છે કે કેમ? તેની યર્થાથતા અંગેની માહિતી દફતરે હોવાનું અનુમાનિત છે. તેવી કોઈ વિગત પૂરી પાડેલ નથી જે દફતરી હકીકતે આપવી રહે. મુદ્દા નં.૧ અને ૩ ના જાહેર માહિતી અધિકારીના દફતરી પ્રત્યુત્તર અંગે તકરારને સ્થાન રહે નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૨ ની રસ્તાના માપ અંગેની તથા મુદ્દા નં.૪ અંગે અરજી બાદની સ્થળ તપાસ અંગેની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. અરજદાર દબાણો બાબતેની કાર્યવાહી લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે.
(૨)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર